| NAVSARI AGRICULTURAL UNIVERSITY | નવસારી કૃષિ યુનિવર્સિટી<br>એરૂ ચાર રસ્તા, નવસારી |
|---|---|
| શ્રી ડી. ટી. ચૌધરી<br>ઈ/ચા.કુલસચિવ | ફોન : ૦૨૬૩૭ / ૨૮૨૭૭૧ – ૭૫ (એક્ષ.૧૧૩૨)<br>ફેકસ : ૦૨૬૩૭–૨૮૩૭૯૪ E-mail : registrar@nau.in M.No. 9825136793 |


બિડાણ: ગુજરાત સરકાર, નાણા વિભાગ, ગાંધીનગરના તા.૧૭.૧૦.૨૦૧૭ના પત્ર ક્રમાંક : બનસ–૧૦૨૦૧૩/જીઓઆઈ/૧૦/ચ

વિષય:– ગુજરાત સરકારના વર્ગ–૪ ના કર્મચારીઓને વર્ષ ૨૦૧૬–૨૦૧૭ના માટે બોનસ ચુકવવા બાબત.....

---

જા.નં. નકૃયુ/રજી./એડીએમ–૩.૨/ ૬૪૨૪૫-૯૪ /૨૦૧૭ તા.૨૫.૧૦.૨૦૧૭

**નકલ સવિનય રવાના :–**

૧. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ /તમામ કોલેજના ડીનશ્રીઓ /આચાર્યશ્રીઓ

૨. યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ

૨/– આ સાથે આપના તાબા હેઠળ ફરજ બજાવતા તમામ અધિકારી/કર્મચારીઓને જાણ કરવા સારુ..

ઈ/ચા.**કુલસચિવ**

ગુજરાત સરકારના વર્ગ-૪ ના કર્મચારીઓને વર્ષ
૨૦૧૬-૨૦૧૭ ના માટે બોનસ ચુકવવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- બનસ-૧૦૨૦૧૩/જીઓઆઇ/૧૦/ચ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૭-૧૦-૨૦૧૭

## ઠરાવ

રાજ્ય સરકાર દ્વારા સાતમા, છઠ્ઠા અને પાંચમા પગારપંચમાં વર્ગ-૪ ના સંવર્ગમાં નિયમિત પગાર ધોરણમાં ફરજ બજાવતા કર્મચારીઓને સને ૨૦૧૬-૨૦૧૭ ના હિસાબી વર્ષ માટે ૩૦ (ત્રીસ) દિવસના વેતન જેટલું બોનસ ચુકવવાનો નિર્ણય કરેલ છે. બોનસની રકમની મહત્તમ મર્યાદા રૂ. ૩૫૦૦/- ની રહેશે. આ હુકમના હેતુ માટેઃ

(૧) પગાર એટલે ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ ના નિયમ ૯(૫૩) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો પગાર.

(૨) જગ્યાનો પગાર અથવા પગારધોરણ એટલે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૨૦૧૬, ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૨૦૦૯ માં તેમજ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૧૯૯૮ માં નિયત થયેલ અને સુધારવામાં આવેલ પગાર અથવા પગાર ધોરણ.

૨. બોનસનો લાભ નીચેની શરતોને આધીન રહીને મળવાપાત્ર થશે.

(૧) બોનસનો લાભ ફક્ત વર્ગ-૪ ના કર્મચારીઓને મળવાપાત્ર થશે.

(૨) તા. ૩૧/૩/૨૦૧૭ ના રોજ નોકરીમાં ચાલુ હોય અને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ દરમ્યાન જેમણે ઓછામાં ઓછી ૬(છ) મહિનાની સળંગ નોકરી કરી હોય તે કર્મચારીઓ આ હુકમ અન્વયે કરેલ નોકરીના પ્રમાણમાં ચુકવણીને પાત્ર બનશે. પાત્રતાનો ગાળો નોકરીમાં મહિનાની સંખ્યા (નજીકના આખા મહિનામાં) ના આધારે ગણવામાં આવશે.

(૩) આ હુકમો હેઠળ મળવાપાત્ર બોનસનું પ્રમાણ તારીખ ૩૧/૩/૨૦૧૭ ના રોજ મળવાપાત્ર મળતરના આધારે રહેશે.

(૪) બોનસની ગણતરી સરેરાશ પગાર/ગણત્રી માટેની મર્યાદા એ બે માંથી જે ઓછી હોય તે મુજબ નક્કી કરવાની રહેશે. એક દિવસની બોનસની ગણત્રી માટે એક વર્ષના મળતરને ૩૦.૪ થી ભાગવાનું રહેશે. ત્યારબાદ જેટલા દિવસનું બોનસ મંજુર કરેલ હોય તેટલાએ તેનો ગુણાકાર કરવાનો રહેશે. દા.ત. પાંચમા, છઠ્ઠા અને સાતમા પગારપંચ મુજબ જ્યાં રૂ.૩૫૦૦/- થી વધુ પગાર હોય ત્યાં મહત્તમ મર્યાદા રૂ. ૩૫૦૦/- ધ્યાને લેતાં, ૩૦ દિવસનું બોનસ X ૩૦ ÷ ૩૦.૪ = રૂ. ૩૪૫૩.૯૪ (પુરા રૂપિયામાં ૩૪૫૪/-) થશે.

A.3.Q.

કુલસચિવ વિભાગ, ન.ક.યુ., નવસારી
ઈ.નં. ૭૯૦૪
25 OCT 2017
એડીએમ-૩ શાખા

25/10

(૫) ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષ સુધી દરેક વર્ષ માટે ઓછામાં ઓછા ૨૪૦ દિવસ માટે કામ કરેલ હોય તેવા છુટક મજુરો આ બોનસની ચુકવણી માટે હક્કદાર બનશે. ખરેખર માસિક વેતનને ધ્યાનમાં લીધા સિવાય રૂ. ૧૨૦૦/- કાલ્પનિક વેતનના આધારે આ રકમ ચુકવવામાં આવશે.

ચુકવવા પાત્ર બોનસની રકમ રૂ. ૧૨૦૦ X ૩૦ ÷ ૩૦.૪ = રૂ. ૧૧૮૧.૨૧ (આખા રૂપિયામાં ૧૧૮૪/-) થશે. જે કિસ્સામાં ખરેખર માસિક મળતર રૂ. ૧૨૦૦/- કરતાં ઓછુ હોય તો રકમની ગણતરી ખરેખર માસિક મળતર ઉપર ગણવાની રહેશે.

(૬) આ હુકમો હેઠળની બધી ચુકવણી નજીકના આખા રૂપિયામાં ગણવામાં આવશે.

(૭) ઉપર્યુક્ત જોગવાઇઓ કશુ જણાવતી ન હોય તેવી બાબતમાં તા. ૨૦/૮/૧૯૮૯ ના ઠરાવ ક્ર. બનસ-૧૦૮૯-૧૫૬૫-ચ થી બહાર પાડેલ સ્પષ્ટીકરણાત્મક હુકમો અમલમાં રહેશે.

૩. ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ દરમિયાન બોર્ડ અને નિગમમાં પ્રતિનિયુક્તિ પર હોય તેવા વર્ગ-૪ ના કર્મચારીઓ પણ સંબંધિત બોર્ડ/નિગમોમાંથી બોનસ મેળવવાને પાત્ર થશે. તેમણે સંબંધિત બોર્ડ/નિગમોના હુકમો હેઠળ બોનસનો લાભ મેળવેલ હશે તેવા કર્મચારીઓને આ હુકમો અન્વયે બોનસ મળવાપાત્ર થશે નહીં.

૪. આ હુકમો હેઠળની ચુકવણી જે તે વિભાગના સંબંધિત વિભાગના અનુદાન હેઠળના વેતન હેઠળના વિગતવાર સદર બોનસ ખાતે ઉધારવાનું રહેશે.

૫. રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશનોમાં ફરજ બજાવતા વર્ગ-૪ ના કર્મચારીઓને પણ આ હુકમો લાગુ પડશે. પરંતુ બોનસ એક્ટ હેઠળ જે બોર્ડ/કોર્પોરેશનમાં જે કર્મચારીઓને બોનસ ચુકવવામાં આવતું હશે તેઓને આ હુકમમાં જણાવ્યા મુજબનું બોનસ ચુકવવાનું રહેશે નહીં.

૬. ઉપર્યુક્ત હુકમો વર્ગ-૪ ના રાજ્ય સરકારના, પંચાયતના અને પગાર ભથ્થાની ૧૦૦% ટકા સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓ કે જેના વર્ગ-૪ ના કર્મચારીઓને સરકારશ્રીની મંજુરીથી અગાઉ બોનસ અપાયેલ હોય તેવી સંસ્થાના વર્ગ-૪ ના કર્મચારીઓને લાગુ પડશે.

૭. ઉપર-૫ માં દર્શાવેલ અનુદાન મેળવતી સંસ્થાઓ માટે આ હુકમથી થતુ ખર્ચ સહાયક અનુદાનના નિયત ઢાંચા પ્રમાણે અનુદાન માન્ય ખર્ચ તરીકે ગણવાનું રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

- માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- માન. વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

@ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

@ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

@ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

@ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.

@ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

- સચિવાલયના સર્વે વિભાગો.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલદરવાજા, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલ (A&E), ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ-૩૬૦૦૦૧.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (A&E), ગુજરાત, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (ઓડીટ) ગુજરાત, એનેક્ષી બીલ્ડીંગ, પો.બો. નં. ૨૭, રાજકોટ/અમદાવાદ.
- સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/કલેક્ટરશ્રીઓ/જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા.
- સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.

સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી. ગાંધીનગર.

- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટી/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.

સર્વે માન્ય મંડળો (પંચાયત સેવાના મંડળો સહીત).

નાણા વિભાગની સર્વે શાખાઓ.

@ પત્ર દ્વારા.